બિબ્લિયોબુરો

કોલંબિયાની એક સાચી વાર્તા



જીનેટ વિન્ટર

જીનેટ વિન્ટર

બિબ્લિયોબુરો

કોલંબિયાની એક સાચી વાર્તા

દિમિત્રી અને કેમ્પબેલ માટે



કોલંબિયાના ગીચ જંગલની અંદર,
એક માણસ રહે છે જેને પુસ્તકો ખૂબ ગમે
છે.
તેનું નામ લુઈસ છે.

એક પુસ્તક વાંચતાની સાથે જ
તે બીજું પુસ્તક ઘરે લાવે છે.
ટૂંક સમયમાં ઘર પુસ્તકોથી ભરાઈ
જાય છે.

તેની પત્ની, ડાયના, બડબડાટ કરે છે.





લુઈસ લાંબા સમય સુધી અને ઊંડાણપૂર્વક વિચાર કરે છે.

આખરે તેના મગજમાં એક વિચાર આવે છે.

"હું મારા પુસ્તકોને દૂરની ટેકરીઓમાં લઈ જઈ શકું છું, જેમની પાસે નથી તેમને વાંચવા આપી શકું છું.

એક ગધેડો પુસ્તકો લઈ જઈ શકે છે,

અને બીજો એક ગધેડો મને - અને વધુ પુસ્તકો - લઈ જઈ શકે છે!"



લુઈસ બે મજબૂત નાના ગધેડાં ખરીદે છે.

તે તેમના નામ આલ્ફા અને બેટો રાખે છે.



તે તેમની પીઠ પર લટકાવવા માટે લાકડાની પેટીઓ બનાવે છે,

અને ચિહ્નો રંગ કરે છે: BIBLIOBURRO –

"ગધેડા દ્વારા પુસ્તકો પહોંચાડતું ફરતું પુસ્તકાલય."

પુસ્તકોથી પેટીઓ ભરી દે છે .

દર અઠવાડિયે, લુઈસ અને બેટો ગ્રામ્ય વિસ્તારમાં નીકળી પડતા.
એકાંત ટેકરીઓમાં આવેલા દૂરના ગામડાઓમાં.

આ અઠવાડિયે તેઓ અલ ટોરમેન્ટોની
મુસાફરી કરે છે .



જ્યારે સૂર્ય આકાશમાં ઊંચે તપી રહ્યો છે,
લુઈસ અને ગધેડાં એક ઝરણાં પાસે ઠંડુ
પાણી પીવા માટે રોકાય છે.

તરસ છિપાવ્યા પછી,

બેટો અડચણ ઉભી કરે છે.

લુઈસ બેટોની લગામ ખેંચે છે અને ખેંચે છે,

પણ બેટો હલતો નથી.

અંતે ગધેડો હાર માની લે છે અને
ઝરણું પાર કરે છે.

ટેકરીઓના ઊંડાણમાં, રસ્તો પહેલા કરતાં વધુ
એકલવાયો છે.

પક્ષીઓના ગીતો જ તેઓ સાંભળે છે.

પછી, પડછાયાના ઊંડાણમાંથી,

એક ડાકુ કૂદી પડે છે!

"કૃપા કરીને અમને પસાર થવા દો," લુઇસ કહે છે.

"બાળકો રાહ જોઈ રહ્યા છે."

ડાકુ પુસ્તકો તરફ ગુસ્સાથી જુએ છે.

પણ તે એક લે છે અને ગર્જના કરે છે,

"આગલી વખતે મને ચાંદી જોઈએ છે!"



બિબ્લિયોબુરો ટેકરીઓ ઉપર થઈને તેના માર્ગ પર ચાલુ રહે છે.

છેવટે, લુઈસ નીચે ઘરો જુએ છે.

ટોરમેન્ટોના બાળકો તેને મળવા દોડે છે.



લુઈસ એક વાર્તા વાંચવાનો આગ્રહ રાખે છે,
તેઓ ઉધાર લેવા માટે પુસ્તકો પસંદ કરે તે પહેલાં.
"આજે મારી પાસે તમારા માટે એક સરપ્રાઈઝ છે," તે કહે છે.
તે પુસ્તકોની પાછળ હાથ નાખે છે
અને માસ્કની થપ્પી બહાર કાઢે છે - ડુક્કરના નાના બચ્ચાં!
"માસ્ક પહેરો, અને હું તમને ડુક્કર વિશેની વાર્તા વાંચી સંભળાવીશ."

Once upon a time...



જ્યારે વાર્તા પૂરી થાય છે, ત્યારે
દરેક માટે કોઈ નવું પુસ્તક
પસંદ કરવાનો સમય આવી
જાય છે.



બાળકો પોતાના પુસ્તકો નજીક રાખે છે,
આવજો કહે છે અને ઘરે જવા ચાલવા
લાગે છે.

લુઈસ, આલ્ફા અને બેટો ટેકરીઓ પર અને આસપાસ થઈને,

ઘાસના મેદાનો અને ઝરણાંઓ પાર કરીને, અને સૂર્યાસ્તમાં, પાછા ફરે છે.



ઘરે, લુઈસ તેના ભૂખ્યા ગધેડાને ખવડાવે છે.
અને ડાયના તેના ભૂખ્યા પતિને ખવડાવે છે.
પણ પછી, સૂવાને બદલે,
લુઈસ એનું પુસ્તક ખોલે છે,
અને રાતના મોડે સુધી વાંચે છે.

અને દૂર ટેકરીઓમાં, મીણબત્તીઓ અને ફાનસ બળે છે



જ્યાં બાળકો પણ મોડી રાત સુધી ઉછીના લીધેલા પુસ્તકો વાંચે છે.



"આસપાસના લોકોને વાર્તાઓ ગમે છે. હું મારી રીતે તે ભાવનાને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યો છું." - લુઈસ સોરિયાના

બિબ્લિયોબુરો ઉત્તર કોલંબિયાના એક દૂરના શહેર લા ગ્લોરિયામાં રહેતા લુઈસ સોરિયાનાની સત્ય ઘટના પર આધારિત છે. એક ઉત્સાહી વાચક, લુઈસ શાળાના શિક્ષક તરીકેના પોતાના અનુભવોને કારણે વાંચનની પરિવર્તનશીલ શક્તિને સમજતો હતો. તે દૂરની ટેકરીઓના એકાંત ગામડાઓમાં બાળકો અને પુખ્ત વયના લોકોને તેના પુસ્તકોનો સંગ્રહ ઉધાર આપવા માંગતો હતો, જ્યાં પુસ્તકોની અછત હતી. મોટાભાગના ઘરોમાં પુસ્તકો નહોતા.

લુઈસ અને તેના બે ગધેડાઓએ 2000 માં ગામડાઓમાં પુસ્તકો લાવવાનું શરૂ કર્યું.

તેણે ૭૦ પુસ્તકોના સંગ્રહથી શરૂઆત કરી હતી જે વધીને ૪,૮૦૦ થી વધુ થઈ ગઈ છે, જેમાંથી મોટાભાગે દાનમાંથી મળેલી છે. હવે બિબ્લિયોબુરો દર સપ્તાહના અંતે ટેકરીઓ પર પ્રવાસ કરે છે. આશરે ત્રણસો લોકો લુઈસે લાવેલા પુસ્તકો ઉધાર લેવા માટે ઉત્સુક છે.

દુનિયાનો એક નાનો ખૂણો સમૃધ્ધ થયો છે.

JW